# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૧૭ તા.૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૮/ક્વા-૦૪/૨૦૧૯-૨૦**

અરજદાર: શ્રી રમેશભાઈ વેલજીભાઇ પાંનસુરીયા ગામ: ચિત્રોડ

સબડીવીઝન: તાલાળા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી વેરાવળ

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી,જુનાગઢ

તારીખ: મંગળવાર (૧૮.૦૮.૨૦૨૦)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૮.૦૮.૨૦ (મંગળવાર)નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તાલાલા તાલુકાના ચિત્રોડ ગામના સર્વે નં.૪૪/૧ પૈકીની જમીનના બીન ખેતી હુકમ નં.તા. ૫.- લેન્ડ /એન .ઓ /૨૬૬ થી ૨૭૪ /૨૦૧૫ તા.30.03.૧૫ ના પ્લોટ ધારકો દ્વારા પીજીવીસીએલ તાલાલા ઓફીસમાં ૧૧ જેટલા રહેણાંક હેતુ માટેના વીજ જોડાણો તથા એક જનરલ હેતુનું વીજ જોડાણ માંગેલ છે.સદર વીજ જોડાણ માટે તા. ૦૮.૧૦.૧૮ ના રોજ જરૂરી એ૧ ફોર્મ ને આધાર પુરાવા જોડી અરજી કરતા નાયબ ઈજનેર શ્રી દ્વારા જણાવેલ કે સદર

અરજી ઉપલી કચેરીની મંજુરી પછી નોધણી ફી સ્વીકારવાની જાણ કરેલ ત્યાર બાદ સદર બાબતે વારંવાર તાલાલા, વેરાવળ અને જુનાગઢની સબંધક કચેરીમાં રજૂઆત કરેલ પરંતુ કોઈ કાર્યવાહી થતા અંન્તે પીજીવીસીએલ તાલાલા ઓફીસ ના પત્ર નં. ૧૭૩ તા.૧૬.૦૧.૨૦૨૦ થી જણાવેલ કે સદર કુલ -૧૨ વીજ જોડાણો GUVNL/Tech-2/RNR/2719 તતા.30.૦૧.૧૭ મુજબ વીજ જોડાણ આપવાના થતા નથી.સદર પરિપત્ર મુજબ ખેતી વિષયક જમીનમાં ગામતળ બહાર વસવાટ કરતા લોકોના વીજ જોડાણ માટે છે. જેથી નિયમ મુજબ ફિક્સ ચાર્જ થી વીજ જોડાણ આપવા અને તા.૦૮.૧૦.૧૮ થી અરજી આપેલ પરંતુ સમયસર વીજ જોડાણ આપેલ ન હોય પ્રતિ દિવસ રૂ 50 લેખે વળતર આપવાનું થાય છે તે મુજબ તા. ૦૮.૧૦.૧૮ થી ૩૧.૦૧.૨૦૨૦ સુધી કુલ ૧૨ વીજ જોડાણ ની સંખ્યા માટે ૪૭૮ દિવસો મુજબ કુલ રૂ ૨,૮૬,૮૦૦ વળતર ચૂકવવાનો હુકમ કરવા અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી ની મૌખીક તેમજ લેખીત રજૂઆત મુજબ શ્રી રમેશભાઈ વેલજીભાઈ પાંનસુરીયા ના નામ થી સીજીઆરએફ માં અરજી કરેલ છે. તેઓ શ્રી ચિત્રોડ ગામના સર્વે નં. ૪૪/૧ પૈકીની રહેણાંક હેતુની ગામતળ બહાર આવેલી જમીનમાં રહેણાંક હેતુ માટે ૧૨ જેટલા નવા વીજ જોડાણ ની માંગણી કરવામાં આવેલી છે.

3.૧ અરજદારશ્રી દ્વારા પોતાના અને અન્ય બે ભાગીદારો ની માલિકી ના આશરે ૧૩ જેટલા પ્લોટ રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલા છે, અને તેઓશ્રી દ્વારા આ પ્લોટ ને કોમન વપરાશ માટે ૧૫ રહેણાંક હેતુના અને ૧ વાણિજય હેતુ માટે વીજજોડાણ મેળવવા તાલાળા પેટા વિભાગીય કચેરીમાં નવા વીજજોડાણ માટે સંપર્ક કરવામાં આવેલ હતો.

3.૨ સદરહુ અરજદારશ્રી દ્વારા જે સ્થળ પર રહેણાંક હેતુ ના વીજજોડાણ માંગવામાં આવેલ છે તે સ્થળ ચિત્રોડ ગામતળ થી દૂર સીમ વિસ્તારમાં આવેલ છે.અને આ વિસ્તારમાં તપાસણી નો હેતુ પ્રાથમિક દ્રષ્ટિ એ યોગ્ય જણાયેલ નહીં.

3.૪ સદરહુ સ્થળની ખરાય અર્થે નાયબ ઈજનેરશ્રી તાલાળા દ્વારા કરતાં સદરહુ સ્થળ રહેણાંક હેતુ માટે વપરાશ થાય તેવી શક્યતા જણાયેલ હતી નહીં, જેથી નાયબ ઈજનેરશ્રી ના સ્થળ તપાસના આધારે તા. ૧૧/૦3/૨૦ ના રોજ અધિક મુખ્ય ઈજનેરશ્રી જુનાગઢ/કાર્યપાલક ઈજનેરશ્રી વેરાવળ/નાયબ ઈજનેરશ્રી વર્તુળ કચેરી જુનાગઢ/નાયબ ઈજનેરશ્રી વેરાવળ અને નાયબ ઈજનેરશ્રી તાલાળા ની સંયુક્ત પીજીવીસીએલ ટીમ દ્વારા સ્થળ પરના વાસ્તવિક બાંધકામ દર્શાવતો વિડીયો શૂટિંગ તથા તપાસણી અહેવાલ તૈયાર કરવામાં આવેલ હતા.

3.૫ તા.૧૧/૦3/૨૦ ના સંયુક્ત તપાસણી અહેવાલમાં સદરહુ માંગણી વાળી જગ્યાનો ઉપયોગ વાણિજય હેતુ માટે થવાની મહ્તમ સંભાવના જણાય આવેલ હતી.જેના અનુસંધાને અધિક્ષક ઈજનેરશ્રી વર્તુળ કચેરી જુનાગઢ દ્વારા રહેણાંક હેતુ માટે વીજજોડાણો માટેની દરખાસ્ત સદરહુ સ્થળ પર રહેણાંક હેતુ માટેનો વપરાશ પ્રસ્થાપિત થતો ન હોવાથી રદ કરવામાં આવેલ છે.

૩.૬ સદરહુ માંગણી વાળી જગ્યા પર અરજદારશ્રીને માંગણી કરવામાં આવેલ હેતુ નો વીજ વપરાશ સ્થળ પર પ્રસ્થાપિત ન થતાં અને સદરહુ સ્થળ સાસણ નજીકનું તથા જંગલ વિસ્તાર માં આવેલ પ્રવાસન સ્થળ હોય સદરહુ અરજદારશ્રી ને રહેણાંક હેતુનું વીજજોડાણ આપી શકાય નહીં.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખિક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદરહુ માંગણી વાળી જગ્યા ગામતળ ની બહાર એટ્લે કે સીમતળ વિસ્તારમાં આવેલ હોય તેમજ રહેણાંક હેતુ માટે બીનખેતી થયેલ છે અને તેની ખરાઇ પીજીવીસીએલ કંપની ના અધિકારી દ્વારા કરવામાં આવેલ જેમાં અરજદારશ્રી નો રહેણાંક હેતુ માટે નો વીજજોડાણ વપરાશ હોવાનું પ્રસ્થાપિત થતો ના હોય,અને તપાસણી અહેવાલ મુજબ વાણિજ્ય હેતુ માટેનો વીજ વપરાશ હોય તેવું રજૂ થયેલ આધાર પુરાવા ને આધારે સ્પસ્ટ થતું હોય તેવા સંજોગો માં ગુજરાત વિધયુત નિયંત્રક આયોગ ના નિયમો પ્રમાણે અરજદારશ્રી ની અરજી ગ્રાહ્ય રાખી શકાય તેમ નથી.

૪.૨ જીયુવીનેલ/ટેક-૨-આરએનઆર/૨૭૧૯/30.0૧.૨૦૧૭ પરિપત્ર મુજબ અરજદારશ્રી ને જ્યોતીગ્રામ ફીડર માથી રહેણાંક હેતુનું વીજજોડાણ મેળવવાની અરજી ગ્રાહ્ય રાખવામા આવતી નથી.

૪.3 ઉપરોક્ત મુદ્દા નં.૪.૧ મુજબ ની વિગતે હુકમ કરવા માં આવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| --- | --- | --- |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધ:-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-3૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯